ગુજરાત સરકાર

MOFPI
ખાદ્ય સંસ્કરણ ઉદ્યોગ મંત્રાલય , ભારત સરકાર

# PM Formalisation of Micro Food Processing Enterprises Scheme

The scheme is for a period of 5 years from 2020-21 to 2024-25.

PMFME
सूक्ष्म उद्यमों का संबल

## PMFME યોજના વિષે

દેશભરમાં અસંગઠિત ખાદ્ય પ્રોસેસિંગ ક્ષેત્રમાં આશરે ૨૫ લાખ ઉદ્યોગો છે. કુલ એકમો પૈકી ૬૬% ગ્રામીણ ક્ષેત્રોમાં કાર્યરત છે અને ૮૦% જેટલા પરિવાર આધારિત એકમો છે. આ ઉદ્યોગોને અનેક પ્રકારની મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય છે. આ બધી જ મુશ્કેલીઓમાં અત્યાધુનીક ટેકનોલોજી અને તેને સંલગ્ન સાધનો, તાલીમ, સંસ્થાકીય સહાયની ઉપલબ્ધતા, ઉત્પાદનની ગુણવત્તાના માપદંડોની જાણકારીનો અભાવ અને બ્રાન્ડિંગ તથા માર્કેટીંગનો અભાવ વગેરે ખૂબ મહત્વના પરીબળો છે. જેના કારણે આ અસંગઠીત ખાદ્ય પ્રોસેસિંગ ઉદ્યોગ પોતાની અનેકગણી ક્ષમતા પ્રમાણે વિક્સિત થઇ શકતા નથી.

આ ક્ષેત્રની મુશ્કેલીઓને દૂર કરવા ભારત સરકારે PMFME યોજના ઘડી છે જેમાં ગુજરાત સરકાર નો ૪૦% ફાળો છે. આ યોજના હેઠળ ઓનલાઇન અરજી દ્વારા કોલેટરલ સુરક્ષા વગર બેંક લોન, સબસીડી, તાલીમ, પ્રોજેક્ટ રીપોર્ટ બનાવવા માટે ડિસ્ટ્રીકટ રીસોર્સ પર્સનની મદદ વગેરેનો લાભ મળે છે.

## હેતુ

- ટેકનોલોજીની માહિતી, સ્કીલ ની તાલીમ તથા આર્થિક સહયોગ દ્વારા સુક્ષ્મ ઉદ્યોગોની ક્ષમતાનું નિર્માણ કરવું તથા પ્રોત્સાહન આપવું.
- ટેકનોલોજીના અપગ્રેડેશન માટે હાલમાં હયાત ઉદ્યોગોને આર્થિક સહાય કરવી.
- ખેત ઉત્પાદન સંગઠન (FPO), સ્વ સહાય જૂથ (SHG), સહકારી મંડળીઓને સુક્ષ્મ ઉદ્યોગોની એક શૃંખલામાં સંપૂર્ણ મૂલ્યવૃદ્ધીમાં સહાય કરવી.
- હયાત ઉદ્યોગોને વિવિધ સરકારી નોંધણી માટે સહયોગ આપવો.
- બ્રાન્ડીંગ તથા માર્કેટિંગ ને મજબુત કરવા એક શૃંખલા ઉભી કરવી.

## અગ્રીકલ્ચર ઇન્ફ્રાસ્ટ્રકચર ફંડ (AIF) કૃષિ માળખાગત ભંડોળ

ભારત સરકાર દ્વારા કૃષિ આધારિત ઇન્ફ્રાસ્ટ્રકચર ને પ્રોત્સાહન આપવા કૃષિ માળખાગત ભંડોળ ની સ્થાપના કરવામા આવી છે જેથી કૃષિ પાક નો બગાડ ઓછો થઇ શકે તથા કૃષિ ક્ષેત્રને વિભિન્ન લાભ મળી રહે.

## AIFના આકર્ષક લાભો

- ₹૨ કરોડ સુધીની તમામ લોનને વાર્ષિક 3%ની વ્યાજ સહાય, મહતમ ૭ વર્ષ સુધી.
- CGTMSE યોજના અંતર્ગત ₹ ૨ કરોડ સુધીની ક્રેડિટ ગેરેન્ટી.
- AIFમાં મળતા લાભને અન્ય સરકારી સબસિડી સાથે પણ સાંકળી શકાશે.
- ક્ષેત્રીય ધિરાણની પ્રાથમિકતા માટે જાહેર અને ખાનગી ક્ષેત્રની ૨૧ બેંન્કો ઉપલબ્ધ છે.

## કોણ અરજી કરી શકે ?

- ખેડૂત, વ્યક્તિગત ઉદ્યોગસાહસિકો, સ્વ સહાય જુથો, ખેડૂત ઉત્પાદક સંગઠનો, પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ (PACS), માર્કેટિંગ સહકારી મંડળીઓ (APMC) વગેરે.

## SUBSIDY

- ખાનગી માઇક્રો ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગો માટે ઉદ્યોગ દીઠ પાત્ર પ્રોજેક્ટ ખર્ચના ૩૫%(₹ ૧૦ લાખ સુધી) ક્રેડિટ લિંક્ડ સબસિડી આપવામાં આવે છે.
- એફ. પી. ઓ., સહકારી, સ્વ સહાય જૂથોને ક્રેડિટ લિંક્ડ સાથે ૩૫% ના દરે ગ્રાન્ટ-ઇન સહાય આપવામાં આવે છે. (વધુમાં વધુ ૩ કરોડ સબસિડી મળવા પાત્ર થશે)
- આ યોજના હેઠળ વર્કિંગ કેપિટલ તેમજ નાના સાધનોની ખરીદી માટે સ્વ- સહાય જૂથોના પ્રત્યેક સદસ્યને ₹ ૪૦,૦૦૦/- ની સહાય આપવામાં આવે છે.

## લાભ લેવા માટેના માપદંડ

- નવા સ્થાપિત અને હાલમાં કાર્યરત સૂક્ષ્મ ખાદ્ય પ્રોસેસિંગ એકમ.
- એકમ અસંગઠિત હોવું જોઇએ તેમજ એકમમાં ૧૦ થી ઓછા કામદાર હોવા જોઇએ
- અરજી કરનાર વ્યક્તિની ઉંમર ૧૮ વર્ષથી વધુ હોવી જોઇએ.
- એક પરિવારમાંથી ફક્ત એક વ્યક્તિને આર્થિક સહાય મળવાપાત્ર રહેશે. પરિવારમાં વ્યક્તિ પોતે, જીવનસાથી તથા બાળકોનો સમાવેશ થશે.
- ઉદ્યોગ શરૂ કરવા માટે કુલ પ્રોજેક્ટ ખર્ચના ૧૦% રકમ અરજી કરનાર વ્યક્તિએ ફરજીયાત પોતાના ફાળા તરીકે આપવાની રહેશે. જ્યારે બાકીની રકમ બૅન્ક લોન દ્વારા મળવાપાત્ર રહેશે.
- પ્રોજેક્ટ ખર્ચમાં જમીનની કિંમત ગણવાની રહેશે નહીં. મકાન અથવા લિઝ પરના વર્કશેડની કિંમતમાં ગણી શકાશે.

## સંપર્ક અધિકારી ડિસ્ટ્રીકટ રિસોર્સ પર્સન
## શૈલેષભાઈ જયસ્વાલ ૯૩૨૮૬૦૬૩૪૫

- સંભવિત માઇક્રો ફૂડ પ્રોસેસિંગ સાહસિકોની ઓળખ કરવી.
- ઇચ્છુક ઉદ્યોગ સાહસિકોને ઓનલાઇન અરજી કરવી અને ડોક્યુમેન્ટ અપલોડ કરાવવા.
- અરજદારના ડોક્યુમેન્ટ તથા ઉદ્યોગ શરૂ કરવા માટેના સ્થળનું નિરીક્ષણ કરવું અને તેના આધારે પોતાનો અભિપ્રાય આપવો.
- લોન અને સબસિડી મેળવવા માટે ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ સાહસિકોને બૅન્કો અને સરકાર સાથે જોડવા.
- રિસોર્સ પર્સન દ્વારા વ્યક્તિગત અને સામૂહિક ઉદ્યોગ સાહસિકોને ડિટેલ પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરવા માટે, બૅન્ક લોન લેવા માટે, જરૂરી રજીસ્ટ્રેશન અને લાયસન્સ મેળવવા માટે સહયોગ કરવો.

## કઇ કઇ પ્રોડક્ટ માટે અરજી કરી શકાય?

ફળ ફળાદી, શાકભાજી, ધાન્ય, મરી મસાલા, દૂધ, તેલીબીયા આધારીત તમામ ખાદ્ય ચીજવસ્તુઓ જેવી કે ખાખરા, અથાણાં, નમકીન, જામ, જેલી, સોસ, રેડી ટુ કૂક પ્રોડક્ટ્સ, રેડી ટુ ઇટ પ્રોડક્ટ્સ, બેકરી આઇટમ, વિવિધ પ્રકારના ખાદ્ય પાવડર, પનીર, બટર, તેલ, મસાલા વગેરે.

નોંધ- આ ઉદાહરણ તરીકે આપેલી પ્રોડક્ટ છે, આ સિવાય પણ અન્ય ફૂડ પ્રોસેસીંગમાં આવતી ખાદ્ય પ્રોડક્ટનો સમાવેશ થઇ શકે છે.



AAKASH
BUSINESS SOLUTION